સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

કરોડોની ખંડણી ખાઈ, પવાર પચાવી જશે!
અને દેશમુખને ઉઘાડે છોગ બચાવી જશે!
મચાવી દેશે હાહાકાર પવાર મૂલ્યોના વિશ્વે !
માંકડું બનાવી શરદને, ભાજપ નચાવી લેશે!
(બધું જાહેરમાં કહેવાય નહીં - અમિતભાઈ શાહ)

હાઈકુ

મારશે પલ્ટી!
સત્તા ભૂખ્યા પવાર -
નાક ન નિષ્ઠા!

ફરી સ્મશાને
વગાડશે ડાકલાં -
'શિવ'ની સેના !!

ચિંતન

પ્રાણાન્ દદાતિ ચેષ્ટયતીતિ વા પ્રાણદઃ ।

ઉપરોક્ત સૂત્ર તૈત્તરિય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

ભગવાન પ્રાણોને આપે છે અથવા ચેષ્ટા કરાવે છે આથી પ્રાણદ (પ્રાણદાતા) છે. કાળરુપથી પ્રાણોને ખંડિત કરે છે. આથી પણ પ્રાણદ છે.

જેમણે આપણા શરીરમાં આ ચાલનારા શ્વાસ આપ્યા છે. પ્રાણ શક્તિ આપી છે, ક્રિયા શક્તિ આપી છે. એમનું નામ પ્રાણદ છે. પ્રાણ કોણે આપ્યા ? ભગવાને આપ્યા. તમે તમારી પાસેથી કોઈને પ્રાણ આપી શકો છો? ના, પ્રાણ આપી ન શકો, તો પ્રાણ રાખવામાં સ્વતંત્ર છો? કે નથી, તો એ જેમના છે એમના માનો એને ! જેમણે આયા છે આ પ્રાણ એમને જ આ પ્રાણ આપી દો. જો અંદર બેઠેલા પરમાત્મા ન હોય તો શ્વાસ કોણ લઈ શકે? અથવા કોણ છે જે સમય પર પ્રાણને ખેંચી લે છે? એ પ્રાણદ છે.

પ્રાણદ પ્રાણોને આપે છે, નષ્ટ કરે છે, વિશુદ્ધ કરે છે, પ્રદીપ્ત કરે છે અથવા સર્વત્ર સ્વરુપમાં વ્યાપ્ત કરે છે. એ પુરાણ-પુરુષ જ શ્રુતિઓમાં પ્રાણદ કહેવાય છે.

સુવિચાર

- જળ વમળમાં હોય, કંઈ ઝાંઝવામાં થોડા હોય? સફળતા શ્રમ હોય, કંઈ બળમાં થોડી હોય? - **એસ. ભટ્ટાચાર્ય**
- અનુચિત ફાયદો મેળવવાની મહેચ્છા જ નુકશાનની શરુઆત છે - **ડેમોક્રિટ્સ**
- એવું નથી કે સંબંધ ને સાચવવા બુદ્ધિ જોઈએ, એના માટે ફક્ત આપણા હૃદયની શુદ્ધિ જોઈએ - **મહેન્દ્ર દલાલ**
- જાણવું, માનવું અને આચરણ એટલે જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર્ય - **અખંડ આનંદ**
- ઈશ્વરમાં જે માને છે તે કોઈ ભાષ્યની જરૂર નથી, જે ઈશ્વરમાં માનતો નથી તેને માટે કોઈ ભાષ્ય શક્ય નથી - **મુનિશ્રી રાજહંસજી**
- ઝેર પીવામાં કશી મર્દાનગી નથી હોતી, મદ એનું નામ જે આફતોને પી ગયો - **જીવન પાયેય**
- આજનું ઔષધ : આખમાં ફુલુ પડે તો જીરાનું પાણી ફ્રીઝમાં મૂકીને ચાર વખત બે - બે ટીપાં આંખમાં આંજવાથી સાત દિવસમાં મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈ.સ. ૧૯૩૨માં ગાંધીજી યરવડા જેલવાસ દરમિયાન જેલર તેમને મળવા આવ્યા. બાપુ અને જેલર વચ્ચે વાતોમાં તલ્લીન હતા. ત્યાં સામે ચોગાનમાં પાણી ગરમ થઈ જતાં એક કેદીએ તપેલું સગડી પરથી ઉઠાવીને નીચે મૂકી દીધું. અને પાણી ગરમ રહે તેના માટે ઉપર તાસક ઢાંકી દીધી. ઉતાવળમાં એ કેદી સગડીમાં રહેલા સળગતા કોલસા ઓલવવાનું ભૂલી ગયો. વાતો કરતાં બાપુનું ધ્યાન સગડીના સળગતા અંગારા તરફ ગયું. એણે વાર્તાલાપ ઉપર અલ્પવિરામ મૂકતાં પેલા કેદીને કહ્યું, 'અરે ભાઈ ! સગડીના કોલસા તમે ઠાર્યા નહીં. પહેલા એના પર થોડું પાણી નાખીને એ ઠારી દો.' પેલા કેદીએ બાપુને કહેવાનો અમલ કર્યો. જેલરને વાતમાં વિક્ષેપ થતાં એમને બાપુને કહ્યું, 'બાપુ, આપ નાહકની ચિંતા કરી રહ્યાં છો. કોલસો તો સરકારી છે.' બાપુ બોલ્યા, 'એટલે જ તો વધારે ચિંતા કરવી જોઈએ, સરકાર ભલે અંગ્રેજોની હોય પણ સરકારે આ કોલસા ખરીદ્યા છે એ પૈસા તો મારા દેશની પ્રજા મહેનતના પૈસામાંથી ચૂકવે છે તેમંથી ખર્ચાયા છે એટલે પ્રજાના પૈસાની બરબાદી હું કેમ જોઈ શકું ?' બાપુએ ફરી કહ્યું, 'અને એ પણ ખાસ સમજવાની જરૂર છે. કે કોલસો રાષ્ટ્રની નૈસર્ગિક સંપત્તિ છે અને નૈસર્ગિક સંપત્તિની જાળવણી કરી તેનો કિફાયતી ઉપયોગ કરવો.' જેલરને ગાંધીજીની વિચારસરણી સમજાઈ ગઈ.

નંદિગ્રામની લડાઈ દેશનું ભાવી નક્કી કરશે

તંત્રીસ્થાનેથી...

રાજકારણ અને યુદ્ધ હવે સમાનાર્થી શબ્દો બની ગયા છે. સિકંદર વિશ્વ વિજેતા બનવા નીકળ્યો હતો. હિંદુસ્તાન ત્યારે 'સોને કી ચિડિયા' ગણાતું હતું. એણે પોરસને તો હરાવ્યો, પરંતુ પછી એનું સપનું સાકાર કરવા માટે જે હાકેમને મૂકીને પાછો ફર્યો હતો તે ચંદ્રગુપ્ત મૌર્યની સેના સામે ન ટકી શક્યો. સુલેહ કરવા એણે પોતાની પ્રિય પુત્રી ચંદ્રગુપ્ત સાથે પરણાવી દીધી હતી. પશ્ચિમ બંગાળ એ દેશનાં અન્ય રાજયો કરતાં જુદી જ તાસીર ધરાવતું રાજય છે. બૌદ્ધિકોની ખાણ સમા આ પ્રદેશમાં બે ગુજરાતી નેતાઓએ બાકોરું તો લોકસભાની અઢાર બેઠકો જીતીને જ પાડી દીધું હતું, પણ હવે આખેઆખું પશ્ચિમ બંગાળ કબજે કરવાની નેમ સાથે છેલ્લા ઘણા વખતથી આકાશપાતાળ એક કરીને લોકપ્રિય મુખ્યમંત્રીને એમના જ મતવિસ્તારમાં હરાવી દેવા ભાજપ કૃતસંકલ્પ છે. મમતા સામે દસ વર્ષના શાસનની 'એન્ટિ ઈન્કમ્બન્સી' ઉપરાંત પાર્ટીની ગુંડાગીરી અને ભ્રષ્ટાચાર ઉપરાંત દગાખોર પક્ષપલટુઓનો ભય પણ તોળાયેલો જ છે. દેખીતું છે કે ભાજપ પાસે પોતાના એવા સ્થાનિક નેતાઓ તો હતા જ નહીં જે મોંફાટ મમતા દીદી સામે મેદાનમાં ઊતરવાની હિંમત કરી શકે. બલકે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીની પ્રચારધુરા સંભાળતા વર્તમાન વડાપ્રધાન તો ત્યારે 'દીદી' (મમતા) અને 'દાદા' (પ્રણવ મુખર્જી) ની પ્રશંસા કરતાં થાકતા નહોતા. 'દીદી અહીં રાજ કરશે, દાદા તો રાષ્ટ્રપતિ છે જ; હું દિલ્હીમાં હોઈશ - પછી તમારે બીજું શું જોઈએ ?' - આવી મીઠડી ભાષામાં વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે દીદીએ એમનાં દસ વર્ષ દરમિયાન પશ્ચિમ બંગાળનું ધનોતપનોત કાઢી નાખ્યું છે - એવો પ્રચાર કરી એમને હટાવવા અને રાજયનો સમ્યક્ વિકાસ કરવા કૃતસંકલ્પ છે. ગૃહમંત્રી અમિત શાહે જાહેરમાં કહ્યું છે કે જયાં સુધી દીદીને હટાવીશ નહીં ત્યાં સુધી હું વારંવાર પશ્ચિમ બંગાળમાં આવ્યા કરીશ. 'જય શ્રીરામ' ના નારાથી ભડકેલાં ઉશ્કેરાટવાળો સ્વભાવ ધરાવતાં મમતા બેનરજી સામે હિંદુત્વનું કાર્ડ પૂરજોશમાં કામ કરી રહ્યું છે. મમતાએ કોલકાત્તાની ભવાનીપુર બેઠક છોડી નંદિગ્રામના ગ્રામીણ મત વિસ્તારમાંથી ઉમેદવારી કરી છે. ભવાનીપુરમાં ગુજરાતી મતદારોનો પ્રભાવ જોતાં એમને બેઠક બદલી છે, એ બહુ જ સ્પષ્ટ છે. નંદિગ્રામ કયારેક ખેડૂતોના આંદોલનને કારણે ચમક્યું હતું. મમતાએ રતન તાતા જેવા ધનકુબેરને રાતોરાત ઉચાળા ભરવા મજબૂર કર્યા હતા. પરંતુ એ લડતના સેનાપતિ તો મમતાના જમણા હાથ જેવા શુભેન્દુ અધિકારી જ હતા. દીદીના આદેશ પ્રમાણે એ કામ કરતા રહ્યા. અત્યારે એ જ શુભેન્દુ અધિકારી નંદિગ્રામ બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે મમતા દીદી સામે મેદાને પડેલા છે. વર્ષોથી એ બેઠક પર જંગી બહુમતી સાથે વિજયી થનાર શુભેન્દુ અધિકારી મતદાતાઓ સાથે સીધો સંપર્ક ધરાવે છે. અલબત્ત, મમતા દીદીના નામ પર એમને મત મળતા હતા, પણ એમને એ અલ્પ વિકલિસ પ્રદેશણાં કામ પણ કર્યું છે. ભાજપના મોવડીમંડળે બંગાળની વાઘણનો શિકાર કરવા એણે જ પાળી પોષીને મોટા કરેલા યુવાન વાઘને તૈયાર કર્યો છે. મમતા માટે આ બેઠક જીતવી એ જિંદગી અને મોતના મુકાબલા જેવી બાબત છે. આજે દેશમાં મમતા જેવી ઝીંક ઝીલનાર કોઈ નેતા દીવો લઈનો શોધવા નીકળતાં પણ મળવો મુશ્કેલ છે. કોંગ્રેસનું નામું લખાઈ ચૂક્યું છે. માયાવતી - અખિલેશ યાદવ વગેરે પાંગળાં સાબિત થયાં છે. મમતા નંદિગ્રામની બેઠક હારશે તો એ માત્ર બંગાળની નહીં, સમસ્ત દેશની 'વિપક્ષી હાર' સાબિત થશે. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી માટે મોદીને આગોતરી 'વોક ઓવર' મળી જશે.

અભિમાની ફુલનું ઘમંડ તેના વિનાશનું કારણ બની ગયું

નવાં કલેવર

નટવર હેડાઉ

વસંતઋતુ તેનો પ્રભાવ બતાવી રહી હતી. બગીચામાં રંગબેરંગી ફૂલો ખીલી ઊઠ્યા હતા. ફૂલોની સુગંધ એવી હતી કે હરકોઈ તેની તરફ ખેંચાઈ આવતું હતું. પતંગિયા તો એટલા ખુશ થઈ ગયેલા કે તેમને એ બગીચામાં જ રહેવાનું નક્કી કરી લીધું. કયારેક એક ફૂલને મળે તો કયારેક બીજા ફૂલ સાથે દોસ્તી કરે. આવી જ ભમરાઓની પણ હતી... ગુન...ગુન... કરતા ભમરા પોતાની ધૂનમાં આખા બગીચામાં ઘુમતા ખુશીના ગીતો ગુનગુનાવતા હતા.

'અરે વાહ, આ બગીચો તો ખુબ સુંદર છે. આપણી નજરમાં અત્યાર સુધી કેમ ન આવ્યો ? આજથી આપણે આ બગીચાના ફૂલોની પરાગ રજ એકત્ર કરી સ્વાદિષ્ટ મધ બનાવીશું.' મધમાખીઓનું ઝુંડ પણ બગીચાને જોઈને ત્યાં જ ધામા નાખી રોકાઈ પડ્યું.

તે દરમિયાન એક દિવસ બગીચામાં એક નવું ફુલ ખિલ્યું. થોડા દિવસમાં એ ફુલ મોટું થયું તો ખુબ સુંદર દેખાવા લાગ્યું. તેના રંગ રુપ જોઈ સૌ કોઈ ચકિત થઈ જતા. બીજા ફૂલો કરતાં આ ફૂલ આકારમાં મોટું તો હતું તે ઉપરાંત તેની સુગંધ પણ બેમિસાલ હતી. જે વ્યક્તિ બગીચામાં આવે તે આ ફૂલનાં વખાણ કર્યા વિના રહે જ નહીં. ચારેબાજુ આ ફુલની પ્રશંસા પ્રસરવા લાગી. તેનાથી ફૂલને અભિમાન આવી ગયું. પતંગિયા એ નવા ફૂલ પાસે દોસ્તીનો હાથ લંબાવવા ગયાં. તો એ ફૂલો તેમને ધમકાવીને કાઢી મૂકયા. 'ચાલો, ભાગ્યે અહીંથી મારે કોઈ સાથે દોસ્તી કરવી નથી. તમે મારી દોસ્તીને લાયક નથી.'

'ફૂલ ભાઈ, નારાજ શું કામ થાવ છો. અમે કંઈ તમને નુકશાન પહોંચાડવા નથી આવ્યા. પળભર મળીને પાછા જતાં રહીશું.' પતંગિયાઓએ મીઠા સ્વરે ફૂલને કહ્યું.

'ચાલો હટો અહીંથી, મને હેરાન ન કરો. મારે કોઈ સાથે કશી લેવાદેવા નથી. ફૂલનો ગુસ્સો જોઈ બિચારાં પતંગિયા નિરાશ થઈ પાછા ફર્યા. થોડીવાર પછી ભમરાઓ ત્યાં આવીને ગુનગુન કરવા લાગ્યા. તો ફૂલે તેમની સાથે પણ એવો જ લુખ્ખો વ્યવહાર કર્યો. અને ધમકાવીને ભગાડી મૂક્યા. થોડીવારમાં એ ફૂલથી આકર્ષાઈને અમુક મધમાખીઓ ઉડતી ઉડતી તે ફૂલ પાસે પહોંચી ગઈ.'

'ખબરદાર કોઈ મારી નજીક ન આવશો નહીંતર મારાથી ખરાબ કોઈ નથી એટલું સમજી લેજો. ગુસ્સામાં રાતાપીળા થતાં ફૂલે મધમાખીઓને પણ ધમકાવીને ભગાડી દીધા.'

પોતાના ગુસ્સા અને ખરાબ સ્વભાવને કારણે એ નવા ફૂલ પાસે કોઈ આવતું ન હતું. પોતાની સુંદરતાના ઘમંડમાં રાચતું એ ફૂલ એકલું અક્કડ ઊભું રહેતું હતું. 'અરે, આ ફૂલને તો જૂસો આટલું મોટું અને સુંદર છે છતાં તેની પાસે કોઈ જતું નથી. જરૂર કંઈક ગરબડ લાગે છે. બગીચામાં આવેલા બાળકોમાંથી એક બોલ્યું' 'હા, એવું બને કે તે ઝેરી ફૂલ હોય આપણે તેનાથી દૂર રહેવું જોઈએ.' બીજા છોકરાએ કહ્યું.

'આ ઝેરી ફૂલ બગીચામાં હોયતો મોટો ખતરો સર્જાઈ શકે. આપણે આ બાબતમાં માળીને વાત કરવી જોઈએ.' છોકરાઓએ મળી નક્કી કર્યું.

'મને તમારી વાત સાચી લાગે છે. પતંગિયા, ભમરાં કે મધમાધીઓ કોઈ આ પૂલની નજીક જતાં નથી. તેથી સંદેહ પેદા કરે છે.' બાળકોની વાતો સાંભળી માળીએ ફૂલને તોડીને કચરાપેટીમાં નાંખી દીધું.

અભિમાની ફુલનું ઘમંડ તેના વિનાશનું કારણ બની ગયું.

કચરાપેટીમાં પડેલ ફૂલ પોતાની દુર્દશા પર આસું વહાવતું વિચારતું હતું. 'કાશ, બીજા ફૂલોની જેમ બધાં સાથે હળીમળીને રહેવાનું પસંદ કર્યું હોત તો કદાચ મારી આવી દશા થઈ ન હોત.'

સંબંધોમાં વિશ્વાસ : રાખીએ તો સો ટચનો રાખીએ

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

ઋષીમુની વેદવ્યાસ રચિત મહાકાવ્ય મહાભારતનાં ઘણા મુખ્ય પાત્રોમાંનાં બે મહત્વનાં પાત્રો. એ બે પત્રો, એ બે મહાન યોદ્ધાઓના પત્રો એટલે કુંતીપુત્ર કર્ણ અને ગાંધારી પુત્ર દુર્યોધન. એ બન્નેની મિત્રતા ખૂબ જાણીતી છે. બંનેની અતૂટ મિત્રતાનાં ઘણાં પ્રસંગો મહાભારતમાં વર્ણવ્યા છે. કર્ણ અને દુર્યોધન તો સારા મિત્રો હતા જ પણ એવું પણ કહેવાય છે કે અંગરાજ કર્ણ અને દુર્યોધન પત્નિ ભાનુમતિ વચ્ચે પણ સારા મિત્રો હતા અને બન્ને વચ્ચે મિત્રતાભર્યો વ્યવહાર થતો રહેતો. એ બંને વચ્ચે ખૂબ જ સારી મિત્રતા છે તેના વિષે દુર્યોધન પણ સારી રીતે જાણતા હતા.

મહાભારતમાં દુર્યોધન, કર્ણ અને ભાનુમતી વિષેનો એક જાણીતો પ્રસંગ છે. એક દિવસ અંગરાજ કર્ણ અને ભાનુમતી રાજમહેલનાં કોઈ એક ખંડમાં બેસીને ચોપાટની રમત રમી રહયા હતા. ચોપાટની રમત રમતા-રમતા એ બંનેની મિત્રોની જેમ નિર્દોષ હસી-મજાક પણ કરી રહ્યા હતા. એ રમતમાં કર્ણ પોતાની બાજી જીતી રહ્યા હતા અને ભાનુમતી હારી રહ્યા હતા એ સમય દરમ્યાન દુર્યોધને એ ખંડમાં પ્રવેશ કર્યો. દુર્યોધને ખંડમાં પ્રવેશ કર્યો તેના તરફ કર્ણની નજર ન હતી. ભાનુમતીને જેવી ખબર પડી કે દુર્યોધન ખંડમાં પ્રવેશી રહ્યા છે કે તરત જ દુર્યોધનને યોગ્ય સન્માન આપવા માટે તેઓ પોતાની બેઠક પરથી ઊભા થયા. ઊભા થઈને ભાનુમતીએ દુર્યોધન આવતા હતા એ તરફ બે-ત્રણ ડગલાં માંડયા. ભાનુમતીને ઊભા થઈને ચાલતા થતાં જોઈને કર્ણએ એવું વિચાર્યું કે ભાનુમતી બાજી હારી રહ્યા છે એટલે રમત અધૂરી છોડીને જઈ રહ્યા છે. કર્ણએ ભાનુમતીનો હાથ પકડીને રોકવા ગયા એ સમયે ઉતાવળમાં ભાનુમતીનાં હાથને બદલે તેનાં કેડે બાંધેલો મોતીનો કંદોરો કર્ણથી ખેંચાઈ ગયો. કંદોરો ખેંચાયો, તૂટ્યો અને તેના કિમતી મોતીઓ જમીન ઉપર વેરાઈ ગયા. એ સમયે દુર્યોધન તેઓની નજીક પહોંચી ચૂક્યા હતા. ભાનુમતીનાં કેડનો મોતીનો કંદોરો પોતાના હાથથી ખેંચાઈને તૂટ્યો, દુર્યોધનને તેની ખબર પડી ગઈ તેથી કર્ણને દહેશત ગઈ દુર્યોધન કઈ ઊંધુ ન સમજી બેઠે. ભાનુમતીની માનસિક હાલત પણ કઈક એવી જ થઈ ગઈ.

જમીન ઉપર વેરાયેલા મોતીઓ જોઈને દુર્યોધને સ્મિત સાથે. પૂર્ણ વિવેક સાથે ભાનુમતીને માત્ર એટલું જ કહ્યું કે આપના તૂટેલા કંદોરાના વેરાયેલા મોતીઓ એકઠા કરી લો. આપ કહો તો તેમાં હું પણ આપણે મદદ કરું. ત્યાર પછી દુર્યોધન કર્ણને મળ્યા. જે કામસર દુર્યોધન કર્ણને મળવા આવ્યા હતા તેની ચર્ચા કરી. દુર્યોધનનો ભાનુમતી અને કર્ણ સાથેનો વ્યવહાર એવો સરળ અને સ્વભાવિક રહ્યો કે જાણે કશું કશું બન્યું જ નથી.

એવું કહેવાય છે કે દુર્યોધનને પોતાના પરમ મિત્ર કર્ણ ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો. કર્ણએ પણ પોતાના ઉપરના દુર્યોધનનાં વિશ્વાસને જીવનભર ટકાવી રાખ્યો હતો. કર્ણએ દુર્યોધનને એકપણ એવી તક આપી ન હતી કે જેને કારણે દુર્યોધનનો પોતાના ઉપરનો વિશ્વાસ તૂટી જાય.

આપણે સૌ જાણીએ છીએ કે આવા અને આ પ્રકારનાં ઘણાં પ્રસંગો દુર્યોધન અને કર્ણની મિત્રતા વચ્ચેના બન્યા, બંનેની મિત્રતા વચ્ચે નાના-મોટા ઘણાં અવરોધો આવ્યા છતાં એ બંનેની મિત્રતા વચ્ચે ક્યારેય, કોઈ જ પ્રકારની દીવાલ ઊભી ન થઈ. બંનેએ પોતાની મિત્રતા જીવનભર નિભાવી.

વ્યક્તિ વ્યક્તિ વચ્ચેનાં સંબંધો મિત્રતાના હોય, પતિ-પત્નિનાં હોય કે અન્ય કોઈપણ પ્રકારનાં હોય, દુર્યોધનને જે રીતે પોતાની પત્નિ ભાનુમતિ અને મિત્ર કર્ણ ઉપર જે વિશ્વાસ હતો એવો વિશ્વાસ આપણાં સંબંધોમાં હોય તો આપણાં સંબંધો સદાયને માટે અડગ રહી શકે. સંબંધોમાં એકબીજા પ્રત્યેનો વિશ્વાસ અને સન્માન પાયાનાં સ્તંભો છે.

સંબંધોમાં વિશ્વાસ રાખીએ તો એ વિશ્વાસ સંપૂર્ણ હોવો જોઈએ. કેટલીક વાતોમાં વિશ્વાસ રાખીએ અને કેટલીક વાતોમાં વિશ્વાસ ન રાખીએ તેનો સંબંધોમાં કોઈ મતલબ રહેતો નથી. નાની-નાની બાબતોમાં જો આપણો વિશ્વાસ વારંવાર ડગવા લાગે તે સંબંધો ક્યારેય પણ સ્થીર થઈ શકે નહીં કારણ કે સંબંધોની સ્થિરતા અડગ વિશ્વાસ ઉપર આધારિત હોય છે.

સંબંધોમાં આપણાં વિશ્વાસ ડગવાના ઘણાં કારણો હોય શકે છે. સંબંધીના વર્તન, તેમના વ્યવહાર, તેમના ઈરાદાઓ અને તેમની આપણાં પ્રત્યેની ફરજોનું પાલન. ક્યારેક આપણાં વિશ્વાસને ડગાવવા માટે ત્રીજી વ્યક્તિ પણ પ્રયત્ન કરતી હોય છે. આ બંધા જ સંજોગોમાં આપણે આપણાં સંબંધમાં મૂકેલા આપણાં વિશ્વાસની અને આપણાં સંબંધોની કસોટી થતી હોય છે.

એવું કહેવાય છે કે આંખે જોયેલું જ હંમેશા સાચું માનવું. પણ ક્યારેક એવું પણ બનતું હોય છે કે આંખે જોયેલું પણ આપણો વિશ્વાસ ડગાવવા માટે આપણને પ્રેરે. ભાનુમતીના કેડે બાંધેલા હારનાં મોતી કર્ણનાં હાથથી ખેંચાયા, દુર્યોધનની આંખોએ એ નજરે જોયું આમ છતાં દુર્યોધને પોતાનો વિશ્વાસ ડગવા ના દિશો અને એ ઘટનાને સ્વભાવિક લીધી કારણકે તેમને ભાનુમતી અને કર્ણ વચ્ચેની નિર્દોષ મિત્રતા વિષે તેમને જાણકારી હતી અને તેમનાં ઈરાદાઓમાં સંપૂર્ણ વિશ્વાસ હતો.

આપણે જાણીએ છીએ કે સોનું ચોવીસ કેરેટનું તો જ કહેવાય, જો તેમાં એક રતીભાર પણ બીજી કોઈ ધાતુની ભેળસેળ ન હોય. સંબંધોનું પણ એવું જ છે. સમબન્ધો ચોવીસ કેરેટના તો જ કહેવાય જો તેમાં સો ટચનો વિશ્વાસ હોય. એક રતીભાર પણ વિશ્વાસ ડગે તો સંબંધો પણ સો ટચના નથી રહી શકતા.

ચાલો, આપણે સૌ આપણાં સંબંધોને સો ટચના વિશ્વાસ સાથે નિભાવવા માટે પ્રયત્ન કરીએ.

બેકાબુ મોંઘવારી અને બેકારીની વચ્ચે કારણરુપ કોરોના ત્રાસરુપ

જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

વિશ્વ આખાએ કોરોનાની પ્રથમ વર્ષગાંઠ હાલમાં ઊજવી - એક વર્ષ વીતી ગયું અને કોરોના અર્થાત કોવિડ-૧૯ની નવી લહેર નવા-નવા સ્વરુપો સાથે સર્વત્ર કહેર મચાવી રહી છે. દુનિયા જયારે સાચું સંકટ અનુભવે ત્યારે પ્રત્યેકને એકવખત તો વિશ્વપતિની શક્તિ અને સંચાલન ઉપર વિચારવા પ્રેરણા જરૂર મળતી હોય છે. કઈ રીતે અને ક્યાંથી પેદા થયો આ કાળમુખો કોરોના વાઈરસ કે બધા કંટાળી ગયા, થાકી ગયા, ત્રાસી ગયા છતાં નવા અવનવા રુપ બદલી ને આ મહામારી ચાલુ જ રહી છે. સામાજિક અંતર, માસ્ક અને સેનિટાઈઝર - આ મુખ્ય બચાવ કે ઉપાયો છે. હવે તેમાં ઉમેરાયં છે વેક્સિનેશન - અર્થાત રસીકરણ એટલે હવે સૂત્ર છે VSMS જે કોવિડ-૧૯ સામે જીવનને બચાવી શકે છે! જીવનની ઘણી બધી વર્ષો જૂની પરંપરા કે રીતરિવાજોને આ મહામારી એ તોડી નાંખ્યા છે. નવા સ્વરુપે જીવન જીવવા માટે ટેવ પાડવી જ પડશે કેમ કે આ મહામારી ટૂંકા સમયમાં જાય તેમ નથી એવું બધા તજજ્ઞો અને તબીબી જૂથો વ્યક્ત કરી રહ્યા છે જયારે હર્ડ ઈમ્યુનિટી ઊભી થશે પછીઆ ચેપ સર્વ સામાન્ય અન્ય સંક્રમણ જેવો સમાજમાં જોવા મળશે. કોઈ એ કદી પણ સ્વપ્નમાં ય કલ્પના કરી નહીં હોય તેવા પ્રકારની આ ઈશ્વરીય સજા બધાને ભોગવવાની આવી ત્યારે હવે જીવનનું મહત્ત્વ સમજાય છે તેમ છતાં એકવર્ષ બાદ લોકો હવે થાકી ગયા છે. તંત્ર - સરકાર - કોરોના વોરિયર્સ એ બધાને પણ અવશ્ય બધું ભારરુપ લાગી રહ્યું છે. મહામારીના લીધે તેની સાંકળ તોડવા લોકડાઉન આવ્યું અને આના કારણે અર્થતંત્રની સ્થિતિ બગડવામાં તેજી આવી. કામદારો જે પરપ્રાંતીય હતાં તે ગુજરાત છોડીને પરત ગયા વિવિધ નાના, મધ્યમ અને લઘુ ઉદ્યોગોની કમર તૂટી ગઈ....!! અનલોક શરૂ થયા બાદ ક્રમશઃ બધું ઝડપથી પૂર્વવત્ થાય તે હેતુથી લોન ઘટક વાળું વધુ હોય તેવું આર્થિક પેકેજ જાહેર થયું સહકારી બેન્કો, ગ્રામીણ બેન્કો આ ક્ષેત્રમાં પ્રથમવાર જોડાયા, આત્મનિર્ભર યોજના મુજબ વ્યવસ્થા કરવામાં આવી, સાચું પગલું લીધું છે.

'આત્મનિર્ભર ભારત'નો પ્રવેશ કોરોનાના કપરા કાળમાં થયો જયારે પડોશી રાષ્ટ્ર વિકૃત હાલતનો ગેરલાભ ઉઠાવવા બેશરમ થયો. એટલે વડાપ્રધાન મોદીજીએ સમય કપરો હોવા છતાં લોકોને આત્મનિર્ભર ભારતની વાત મૂકી સમજાવ્યું કે હવે ભારત કોઈ ઉપર મહત્ત્વનાં ક્ષેત્રે પરાવલંબી નહીં જ રહે! લશ્કરી મોરચે ખુબ જ મહત્વના નિર્ણયો લેવાયા એ કાબિલેદાદ છે. કેમ કે ચીનને પણ આપણા વડાપ્રધાનની મક્કમતાની ભાષાનો અંદાજ આવી ગયો છે ! લોકોએ તો ચીનની વસ્તુઓને રસ્તા ઉપર પર ફેંકી હતી - ચાઈનાનો બહિષ્કાર. પાકિસ્તાન પડોશી દેશ છે એથી વિશેષ કશું કહેવાનો અર્થ પણ રહ્યો નથી! હવે મુદ્દાની વાત એ છે કે લોકો મોદી સાહેબના શબ્દો ઉપર વિશ્વાસ કરે છે તેથી હજી કમળ ખિલતું રહ્યું છે પણ જો મોંઘવારી અને બેરોજગારીના પ્રશ્ને માત્ર 'મન કી બાત' ચાલુ રાખ્યા કરશે તો દેશમાં વિકટ હાલત એટલી વધી જશે કે તેની કલ્પના કરવી પણ ગમતી નથી. મોંઘવારીમાં પ્રથમ તો પેટ્રોલ-ડિઝલ-ગેસના ભાવમાં કમી કરવી જ પડશે, કારણ કે તેના લીધે અન્ય બધી જીવન જરૂરી ચીજોના ભાવ વધી જ જાય છે. સરકાર પુષ્કળ ભાવ વસુલ કરે છે કે જયારે વૈશ્વિક સ્તરે ભાવ ઘટે છે છતાં અહીં ભાવ વધ્યા કરે છે - કઈ નીતિઓ મુજબ આ બધું ચાલી રહ્યં છે ? રાજય અને કેન્દ્ર બંને ટેક્સ લે છે ઉપરાંત જીએસટી નીચે તેને લાવવાની કોઈ તૈયારી જણાતી નથી. બજેટ જેવું હવે વાસ્તવમાં કંઈ રહ્યું નથી. નાણાની જરૂરિયાત મોટી ઊભી થઈ છે તો ભાવવૃદ્ધિ છૂપા પગલે આવી જ જાય છે. ગેસની સબસીડી ક્રમશઃ જતી રહી કોઈને ખબર પડી ? જીવનની પ્રાથમિક જરૂરિયાતમાં જવાબદારી પ્રશાસનની હોય છે પરંતુ હવે ભારતમાં કઈ જોયું નથી તેવું બધું જ જોવા મળે છે તેથી અતિ આઘાત લાગે છે. મોદી સાહેબ પૂરા દેશના વડાપ્રધાન છે અને પ્રજા વચ્ચે ઊભા બે ભાગ પડી જાય અને કોઈ તંદુરસ્ત ચર્ચા પણ ના થાય તેવી સ્થિતિ શા માટે આવી ગઈ છે? પુષ્કળ બેકારી છે, ઓછા કર્મચારીઓથી જ બધા કામ થાય છે. ફિક્સ વેતનમાં પણ પ્રશ્નો છે. બેન્કોના નેટવર્કને સંકુચિત બનાવામાં આવતું જાય છે. માંગ નથી એટલે ઉત્પાદનની પ્રક્રિયા ચાલતી નથી. ચાલુ જોબમાંથી રોજગારી જતી રહી છે તે જેને વિતે એ જ જાણી શકે !!

કોરોનાના કપરાકાળમાં પણ ચીન સાથે ભારતનો વ્યાપાર વધ્યો તેવા સમાચાર સાંભળીને ઘણા લોકો હતાશ થઈ ગયા કેમ કે એ અર્થકારણનાં નિષ્ણાંત કયાંથી હોય ? ઉદારીકરણ ૧૯૯૧-૯૨માં મનમોહનસિંહ જયારે વડાપ્રધાન હતા ત્યારે ભારતમાં એ માન્ય રાખવામાં આવ્યું એ મુજબ દેશનું અર્થતંત્ર ખુલ્લું રાખવામાં આવ્યું. ઘણી બધી નીતિઓ મુજબ એમાં લાંબાગાળાના કરાર થતા હોય છે એટલે વાહનને બ્રેક મારતા એ ઊભું રહી જાય તેવું અર્થતંત્રમાં ના થઈ શકે પરંતુ એ સારી આદર્શની વાતને આપણે ગ્રાહ્ય રાખી અને એ છે 'આત્મનિર્ભર ભારત' આ ભારતને પણ વધુ આવકો, વિકાસ, જોબ બધુ જ અવિરત જોઈશે અને હવે માત્ર રાજકીય રીતે પ્રતિભાવો નહીં આપતા - લોકોને સત્વરે મોંઘવારીમાંથી રાહત આપો, નવી ભરતી કરો, ચાલુ જોબને ટકાવવા મદદ કરો તો લોકો કોરોના સામે લડી લેશે તેવો વિશ્વાસ છે.

શેર આસ્વાદ :

હું કહું ને તમે આપો તો માંગણી જેવું લાગે,
માંગ્યા વગર આપો તો લાગણી જેવું લાગે.